# ગઝલ–ગુલદસ્તો

## ભરત વિંઝુડા

.1.

ના ગમે તો વાત સાંભળવી નથી,
કાન એ કોઈની થુંકદાની નથી.

અણગમો આવે તો તોડી નાખીએ,
શબ્દની કંઈ જાત ઈન્સાની નથી.

બસ, નથી ગમતું અને પીતો નથી,
આ કોઈ મારી મુસલમાની નથી.

પેટ ફુટે તોય ના ભાગી છુટે,
એટલો આ જીવ અજ્ઞાની નથી.

સ્પર્શની એકેય નીશાની નથી,
આ ત્વચામાં એવી નાદાની નથી.

.2.

એક મુઠ્ઠી રોજ ઉંચાઈ વધે છે,
આપણી વચ્ચેની એક ખાઈ વધે છે !

માત્ર માણસ જાતની વસ્તી વધે નહીં,
હીંદુ, મુસ્લીમ, શીખ, ઈસાઈ વધે છે !

તું મને કંઈ દાનમાં આપે છે ત્યારે,
તારી ને મારી અમીરાઈ વધે છે !

તું મધુર વચનોથી જીતી લે છે સૌને,
એમ તારી પાસે મીઠાઈ વધે છે !

ભીડ ભરચક ચારેબાજુ છે છતાં પણ,
કઈ દીશામાં મારી તનહાઈ વધે છે !

જ્યાં સુધી અજવાસ ફેલાઈ રહ્યો છે,
માત્ર ત્યાં લગ મારી પરછાંઈ વધે છે !

.3.

જળથી છુટું ને રોજ કમળમાં ફસાઉં છું !
નાભીપ્રદેશના હું વમળમાં ફસાઉં છું !

હોડી નથી કે મત્સ્ય નથી, ખારવો નથી;
જળનું ટીપું છું ફક્ત ને જળમાં ફસાઉં છું !

દીવસ વીતે તો એક દીવસમાંથી નીકળું,
પળ જેટલી જ વાર હું પળમાં ફસાઉં છું !

છાતી સુધી હું જળમાં ઉભો છું તે દૃશ્યમાં,
દેખાય કેવી રીતે કે તળમાં ફસાઉં છું !

પરછાંઈ જેમ રોજ ફસાવું પ્રકાશમાં,
ને અંધકારમાં હું અકળમાં ફસાઉં છું !

.4.

ખોલ, કહેતાં આંખ ખોલે છે ફકત,
ને જુએ છે દ્વાર, બારી, ભીંત, છત !

ખાનગીમાં વાત થઈ શકતી નથી,
સાવ અડકીને જ ઉભું છે જગત !

પોતપોતાની સમજ પણ હોય છે,
હોય છે જ્યારે સહુનો એક મત !

શબ્દ બસ બે-પાંચ એકત્રીત થયા,
ને બની ગઈ સારી કે નરસી વીગત !

અંતમાં, આરંભમાં કે મધ્યમાં,
ક્યાંક તો થઈ જાય છે હર જણ સખત !

.5.

પગથી માથા લગ તને કંઈ પણ થવું ના જોઈએ,
તારી તસ્વીરનેય કોઈ સ્પર્શવું ના જોઈએ !

જો અહીંયાં આવવું'તું તો જવું ના જોઈએ,
ને જવું'તું તો અહીંયાં આવવું ના જોઈએ !

તારી ચાહતમાં જે બેચેની ભરી છે એ તને,
કહેવડાવે છે કે આવું ચાહવું ના જોઈએ !

તું નથી તો કંઈ નથી એ વાત સાચી છે છતાં;
કોઈને એવું કશુંયે લાગવું ના જોઇએ !

તું નથી તો કંઈ નથી એ વાત સાચી છે છતાં;
એમ લાગે છે કે આવું જીવવું ના જોઈએ !

જાય છે ત્યારેય તું પાછું જુએ છે પ્રેમથી,
તુંય જાણે છે કે આ રીતે જવું ના જોઈએ !

.6.

કોઈ કમબખ્ત આતમા તો નથી ?
પ્રેતરુપે અહીં હવા તો નથી ?

આ તરફ એકલો જ ઉભો છું,
યાને પેલી તરફ બધા તો નથી ?

કોઈની આવ–જા ન દેખાતી,
ભીંત જેવાં જ બારણાં તો નથી ?

નીકળે છે પહેરી મહોરાઓ,
તે ચહેરાઓ આપણા તો નથી ?

રણમાં એક વીરડી મળે એમ જ,
જળમાં થોડાંક ઝાંઝવાં તો નથી ?

કેમ દુ:ખમાં જ યાદ આવે છે,
મીત્ર, તું પણ કોઈ ખુદા તો નથી ?

.7.

કોરા કાગળ પર લીટી દોરે સખી,
ને અમે એ માપની પંક્તી લખી !

ચીતરે કંઈ એમ એનો એક હાથ,
જેમ ઝુલે વૃક્ષની એક ડાળખી !

આંખ ખોલું તો મને દેખાય એ,
એ કે જેને મેં હૃદયથી નીરખી !

એક વાદળ એમ ચાલ્યું જાય છે,
આભમાં, જાણે કે જળની પાલખી !

કેમ પાણીમાંથી છુટું પાડવું,
એક આંસુના ટીપાને ઓળખી !

.8.

કાચની જેમ આરપાર હતો,
તોય સૌની સમજ બહાર હતો !

માત્ર હૈયું ચીરાતું લાગે છે,
એમ અંદરથી ધારદાર હતો !

દુર લગ કોઈ પણ ન દેખાતું,
એમ હું એકલો અપાર હતો !

સ્વપ્નને બારીકાઈથી જોતાં,
ઉંઘમાં આવતો વીચાર હતો !

આંખમાંથી દડી પડ્યા પહાડો,
કેટલો આંસુઓનો ભાર હતો !

.9.

શ્વાસ લીધો નહીં હવામાંથી,
હું વીખુટો પડ્યો બધામાંથી !

બારીએથી મેં વીશ્વ જોયું છે,
ઓસરી જોઈ બારણામાંથી !

કંઈ અકસ્માત જેમ બનવાનું,
કંઈ નહીં થાય શક્યતામાંથી !

આભમાંથી પ્રકાશ રેલાયો,
ને ફુટ્યું છે તીમીર ધરામાંથી !

એક સુખ નીકળ્યું કવીતાનું,
આપણી આ બધી વ્યથામાંથી !

.10.

રીત મારી, રીવાજ તારો છે;
બેઉ વચ્ચે સમાજ તારો છે !

શબ્દમાંથીય સંભળાઈ જશે,
સાવ નોખો અવાજ તારો છે !

રોજ તારા ચરણને સ્પર્શું છું,
મારા માથેનો તાજ તારો છે !

પ્રેમ મારો છે પ્રાથમીક અને,
એના ઉપર રીયાઝ તારો છે !

બસ, ખીલી મુરઝાઈ જાવાનું,
આ તે કેવો મીજાજ તારો છે ?

.11.

અફસોસ, કેટલાય મને આગવા મળ્યા,
ગાલીબને મારા શે’ર નથી વાંચવા મળ્યા.

જોવા મળ્યા નથી કે નથી જાણવા મળ્યા,
ઈશ્વર અહીં બધાને ફકત ધારવા મળ્યા.

પગ પર ઉભા રહીને જુએ છે બધા મને,
જાણે કે પગ મને જે ફકત ચાલવા મળ્યા.

આંખો મળી છે દૃશ્યને ઝીલી બતાવવા,
ચશ્માં જરાક એમાં મદદ આપવા મળ્યાં !

ઉંચાઈ બેઉમાંથી વધુ કોની હોય છે,
ભેટી પડ્યા ને એવી રીતે માપવા મળ્યા !

તસવીરમાં છે હાથ મીલાવેલી એક ક્ષણ,
ને એ જ ક્ષણમાં દુર અહીંથી જવા મળ્યા.

રાતો વીતાવવા જ મળી સાવ એકલાં,
ને ભીડની વચાળે દીવસ કાપવા મળ્યા !

ભરત વિંઝુડા

સર્જકસમ્પર્ક:

ભરત વિંઝુડા, ‘રામ કૃપા’ – ખાદી કાર્યાલય પાસે, સાવરકુંડલા, જી .અમરેલી, પીન – 364 515

સેલ ફોન : -97265 17337

ઈ–મેલ : bharat_vinzuda@rediffmail.com વેબસાઈટ : http://www.bharatvinzuda.com

ફેસબુક : https://www.facebook.com/bharat.vinzuda?fref=ts

‘સન્ડે ઈ-મહેફીલ‘ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com ) નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષ : નવમું – અંક : 283 – November 17, 2013

'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકન : શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

@@@@@

More than 2,52,50,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 23,50,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 5,50,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

@@@@@@@@@